# પ્રેમ કરો બાર પર્વ આરાધના



# શ્રી કાર્તિક પૂનમ આરાધના પર્વ

પ્રેરક : શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

: પ્રકાશક :
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



|| શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ||
|| અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ||
|| શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ||



# પ્રેમે કરો
# બાર પર્વ આરાધના

## શ્રી કાર્તિક પૂનમ આરાધના સંગ્રહ

પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.

ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા ૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


આવૃતિ : પ્રથમ

નકલ : ૧૦૦૦

ટાઈપસેટીંગ : જૈનમ્ ગ્રાફીક્સ,
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

પ્રાપ્તિસ્થાન : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર
જૈન ટ્રસ્ટ - શંખેશ્વર

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

## બીજ પર્વ :

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

## જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ-[illegible]ત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

## અષ્ટમીપર્વ :

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

## પોષદશમી પર્વ :

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

## મૌન એકાદશી પર્વ :

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

## ચૈત્રી પૂનમની આરાધના :

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રાપ્ત કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.
(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

# અનુક્રમણિકા



| નામ | પેજનંબર |
|---|---|
| ❑ શ્રી સિદ્ધાચલની સ્તુતિઓ | ૧ થી ૨ |
| ❑ શ્રી સિદ્ધાચલના ચૈત્યવંદન | ૩ થી ૬ |
| ❑ શ્રી સિદ્ધાચલના સ્તવન | ૬ થી ૧૭ |
| ❑ શ્રી સિદ્ધાચલની સ્તુતિઓ (થોયો) | ૧૮ થી ૧૯ |
| ❑ શ્રી પુંડરિક સ્વામીની સ્તુતિઓ | ૧૯ |
| ❑ શ્રી શત્રુંજયના ૨૧ ખમાસમણ | ૧૯ થી ૨૫ |
| ❑ શ્રી શત્રુંજયના નવ દુહા | ૨૫ થી ૨૬ |
| ❑ શ્રી નયસુંદરજી કૃત શત્રુંજય ઉદ્ધાર | ૨૬ થી ૪૦ |
| રાસની બાર ઢાળોનું સ્તવન | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

# કાર્તિક પૂનમ આરાધના

## શ્રી સિદ્ધાચલની સ્તુતિઓ

સિદ્ધાચલ નયણે જોતાં-હૈયું મારૂં હર્ષ ધરે
મહિમા મોટો એ ગિરિવરનો-દેખી તનડું નૃત્ય કરે
કાંકરે કાંકરે અનંતા સિધ્યા-પાવન એ ગિરિદુઃખડા હરે
એ ગિરિવરનું શરણું હોજો-ભવોભવ બંધન દુઃખ હરે ૧

દાદાતારી મુખ મુદ્રાને અમીઅ નજરથી નિહાળી રહ્યો
તારા નયનોમાંથી ઝરતું દિવ્ય તેજ હું ઝીલી રહ્યો
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો
તુજ મુરતીમાં મસ્ત બનીને આત્મીક આનંદી માની રહ્યો ૨

ગાજી રહ્યો છે મહિમા જેનો આજે અપરંપાર રે,
સર્વ તીરથનો રાજા બિરાજે, આદિશ્વર જિનરાય રે,
સિદ્ધાચલની ટોચે પધાર્યા પૂર્વ નવાણું વાર રે,
અનંત અનંતા મોક્ષે સિધાવ્યા વંદુ વારંવાર રે. ૩

### શ્રી શત્રુંજયગિરિરાજ સ્તુતિ - અષ્ટક

તીર્થો જગતમાં કૈક છે, તીર્થો તણો તોટો નથી,
શાશ્વત ગિરિ શ્રી સિદ્ધગિરિ છે, ક્યાંય તસ જોટો નથી;
ક્રોડો મુનિ મોક્ષે ગયા લઈ શરણ આ ગિરિરાજનું
ધરું ધ્યાન ગિરિશણગાર, જગદાધાર આદિ જિણંદ હે ૦ ૧

શ્રી સિદ્ધિગિરિ શાશ્વતગિરિ વળી પુંડરિક ગિરિ નામ છે,
પુષ્પદંત ગિરિ ને વિમલગિરિવર, સુરિગિરિ જસ નામ છે,
ગિરિરાજ શત્રુંજય સહિત જસ એક શત અષ્ટ નામ છે. ધરું ૦ ૨

સૌરાષ્ટ્રમાં ગિરિરાજ છે, ગિરિરાજ પર જિનરાજ છે,
પાપી અધમ છું તોય, મુજને તરી જવાની આશ છે,
મેં સાંભળ્યું છે, તીર્થ આ ભવજલધિમાંહી જહાજ છે. ધરું ૦ ૩

ત્રણ ભુવનના શણગાર એવા, વિમલ ગિરિવર ઉપરે,
ત્રણ જગતના તારક બિરાજે, આદિ જિનવર મંદિરે,
અદ્‌ભુત જ્યોતિ ઝળહળે જે જોઈ દેવો પણ ઠરે. ધરું ૦ ૪

શ્રી વિમલગિરિ તીર્થેશ, આદિનાથનું ધરે ધ્યાન જે,
ષટ્ મહિના-લાગલગાટ પામે દિવ્યતેજ પ્રકાશ તે,
ચક્કેશ્વરી તસ ઇષ્ટ પૂરે, કષ્ટ નષ્ટ કરે સદા. ધરું ૦ ૫

ભક્તો તણી ભીડમાં પ્રભુ મુજને ન તું ભુલી જતો,
દૂર દૂરથી તુજને નિરખવા, આશ લઈ હું આવતો,
ક્ષણવાર પણ તુજ મુખના દર્શન થતાં હું નાચતો, ધરું ૦ ૬

હે નાથ ! તારું મુખડું જોવા નયન મારા ઉલ્લસે,
હે નાથ તારા વચણ સુણવા શ્રવણ મારા ઉલ્લસે;
હે નાથ તુજને ભેટી પડવા, અંગ અંગ સમુલ્લસે. ધરું ૦ ૭

કલિકાળમાં અદ્‌ભુત જોઈ દિવ્ય તુજ પ્રભાવને,
ભગવાન, માંગુ એટલું, ભવોભવ મળો ભક્તિ મને;
તુજ ભક્તિથી "મુક્તિકિરણ" ની જ્યોત જાગો અંતરે.ધરું ૦ ૮

## ચૈત્યવંદન વિભાગ

સકલકુશલવલ્લી પુષ્કરાવર્ત મેઘો, દુરિત તિમિર ભાનુ
કલ્પવૃક્ષો: પમાન ભવજલનિધિપોત: સર્વસંપતિ હેતુ: સ
ભવતુ સતતં વ: શ્રેયસે શાન્તિનાથ: શ્રેયસે પાર્શ્વનાથ: ॥ ...૧

(૧)

### શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવજલ પાર ઉતારે. ॥ ...૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ॥ ...૨
સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ. ॥ ...૩

(૨)

### શ્રી આદીશ્વર ભગવાનનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ વિનીતાનો રાય
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય; ॥ ...૧
પાંચસે ધનુષ્યની દેહડી પ્રભુજી પરમ દયાલ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ॥ ...૨
વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણમણિખાણ;
તસ પદ 'પદ્મ' સેવન થકી, લહીએ, અવિચળ ઠાણ. ॥ ...૩

## (૩)

સકલ સુહંકર સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સુણીયે;
સુર નર નરપતિ અસુર ખેચર, નિકરે જે થુણીયે. ॥ ...૧
સકલ તીરથ અવતાર સાર, બહુ ગુણ ભંડાર;
પુંડરીક ગણધર જબ પામ્યા ભવ પાર. ॥ ...૨
ચૈત્રી પૂનમને દિને એ, કર્મ કરી દૂર;
તે તીરથ આરાધીએ, દાન સુયશ ભરપૂર. ॥ ...૩

## (૪)

વિમલ કેવલ જ્ઞાન કમલા કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત-ચરણપંકજ, નમો આદિજિનેશ્વરં. ॥ ૧
વિમલગિરિવિર શૃંગમંડણ, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડી સેવિત, નમો આદિજિનેશ્વરં, ॥૨
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહોનિશ; નમો આદિજિનેશ્વરં, ॥ ૩
પુંડરિક ગણપતિ સિદ્ધિસાધી, કોડી પણ મુનિ મનહરં;
શ્રી વિમલગિરિવરશ્રૃંગસિદ્ધા, નમો આદિજિનેશ્વરં. ॥ ૪
નિજસાધ્યસાધકસુરમુનિવર, કોડી અનંતએગિરિવરં;
મુક્તિરમણી વર્યા રંગે નમો આદિજિનેશ્વરં. ॥ ૫
પાતાલ નર સુરલોક માંહિ, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ૦ ॥ ૬
ઈમવિમલ ગિરિવરશિખરમંડણ, દુઃખવિહંડણ ધ્યાઈએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઈએ ॥ ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદ સ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં, ॥ ૮

## (૫)

### શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરિક જાસ, મહિમાંહે મહંત ॥ ...૧
પંચ કોડી મુનિરાજ સાથ, અણ સણ તિહાં કીધ;
શુક્લધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ વર લીધ. ॥ ...૨
ચૈત્રી પુનમને દિને એ, પામ્યા પદ મહાનંદ,
તે દિનથી પુંડરિકગિરિ નામ દાન સુખકંદ. ॥ ...૩

## (૬)

સોના રૂપાને ફુલડે સિધ્ધાચલ વધાવું
ધ્યાન ધરૂં દાદા તણું આનંદ મનમાં પાવું -૧
પૂજાએ પાવન થયો અમ મન નિર્મલ દેહ
રચના રચી શુભ ભાવથી, કરૂં કર્મનો છેહ -૨
અભવિને દાદા વેગળા-ભવિને હૈડા હજુર
તન મન ધ્યાન એક લગનથી, કીધાં કર્મ ચકચુર -૩
કાંકરે કાંકરે સિધ્ધ થયાં, સિધ્ધ તેહનું ઠામ
શાશ્વત જીનવર પૂજતાં, જીવ પામે વિશ્રામ -૪
દાદા હું કરૂં, દાદા વસીયા દૂર
દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હૈઠા હજુર -૫
દુષમ કાળે પુજતાં, ઈન્દ્ર ધરી બહુ પ્યાર
એ પ્રતિમાને વાંદતા, શ્વાસમાંહે સોવાર -૬

સોવન રૂપાએ પૂજતાં રત્ન પ્રતિમા ઈન્દ્ર
જ્યોતિમા જ્યોતિ મિલે, પૂજો ભવિ સુખકંદ -૭
રિધ્ધી સિધ્ધી ઘેર સંપજે, પહોંચે મનની આશ
ત્રિકરણ યોગે પૂજતાં જ્ઞાનવિમલ પ્રકાશ -૮

## શ્રી સ્તવન સંગ્રહ

(૧)

સિદ્ધાચલગિરિ ભેટ્યા રે ધન્ય ભાગ્ય હમારા
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર,
રાયણ રૂખ સમોસર્યા સ્વામિ,
પૂરવ નવ્વાણું વારા રે, ધન્ય ભાગ્ય હમારા...૧
મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર,
અષ્ટ દ્રવ્ય શું પૂજો ભાવે, સમકિત ભૂલ આધારા રે
ધન્ય ભાગ્ય હમારા...૨
ભાવ ભક્તિ શું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધાર્યાં,
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વાર્યા રે,
ધન્ય ભાગ્ય હમારા...૩
દૂરે દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા, પતિત
ઉદ્ધારણ બિરૂદ તુમારૂ, એ તીરથ જગ સારા રે,
ધન્ય ભાગ્ય હમારા...૪
સંવત અઢાર ત્યાસી માસ અષાઢા, વદિ આઠમ ભોમવારા,
પ્રભુજી કે ચરણ પ્રતાપ કે સંઘમા, ખિમા રતન પ્રભુ પ્યારા
રે, ધન્ય ભાગ્ય હમારા...૫

## (૨)

## સિદ્ધગિરિનું સ્તવન

શેત્રુંજાગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે દિલમાં ધારજો રે,
પ્રભુ મેં દિઠડો તુમ દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર,
સાહીબાની સેવારે ભવદુઃખ ભાંગશે રે-૧
અરજ અમારી રે દિલમાં ધારજો રે, ચોરાશી લાખ ફેરારે દૂર નિવારજો રે,
પ્રભુ મને દુરગતિ પડતો રાખ, પ્રભુ મને દરિશન વેલું દાખ,
સાહિબાની-૨
દોલત સવાઈરે સોરઠ દેશનીરે, બલિહારી જાઉરે પ્રભુ તારા વેશની રે,
પ્રભુ મારા રૂડુ તમારૂં રૂપ, જોતાં મોહ્યા-સુર નર ભૂપ
સાહિબાની-૩
તીરથ ન કોઈરે શેત્રુંજા સારીખુ રે, પ્રવચન દેખીને કીધું તારૂ પારખું રે,
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ
સાહિબાની-૪
ભવોભવ માંગુ રે પ્રભુ તારી સેવનારે, ભાવઠ ભાંગે રે જગમાં જે વિના રે,
પ્રભુ મારા પુરજો મનના કોડ, એમ કહે ઉદય રત્ન કરજોડ.
સાહિબાની-૫

## (3)

## શ્રી શત્રુંજય સ્તવન

આંખડીએ રે મેં આજ શત્રુંજય દીઠો રે,
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે,
સફળ થયો રે મારા મનનો ઉમાહો,
વ્હાલા મારા ભવનો સંશય ભાંજ્યો રે,

નરક તિર્યંચ ગતિ દૂર નિવારી,
ચરણે પ્રભુજીને લાગ્યો રે, શત્રુંજય દીઠો રે. ૧
માનવભવનો લાહો લીજે,
વ્હાલા મારા દેહડી પાવન કીજે રે,
સોના રૂપાનાં ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે. શ૦ ૨.
દૂધડે પખાળી ને કેસર ઘોળી,
વ્હાલા મારા આદીશ્વર પૂજ્યા રે;
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યા રે. શ૦ ૩.
શ્રી મુખ સુધર્મા સુરપતિ આગે,
વ્હાલા મારા વીરજિણંદ એમ બોલે રે;
ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઈ શત્રુંજય તોલે રે. શ૦ ૪.
ઈન્દ્ર સરિખા એ તીરથની,
વ્હાલા મારા ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસલ કાઢી, સૂરજકુંડમાં નાહિ રે. શ૦ ૫.
કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે,
વ્હાલા મારા સાધુ અનંતા સિધ્યા રે;
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે. શ૦ ૬
નાભિરાયાસુત નયણે જોતાં,
વ્હાલા મારા મેહ અમીરસ વૂઠ્યા રે,
'ઉદયરત્ન' કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર
તુઠયા રે, શત્રુંજય દીઠો રે. શ૦ ૭

(૪)

વિમલ ગિરિને ભેટતા સુખ પાયો રે સુખ પાયો રે સુખ પાયો
આનંદ ઘણો દિલ છાયો નમતાં એ ગિરીરાજ ॥ ૧ ॥

મૂલ મંદિર પ્રભુ ઋષભની અતિ પ્યારી, સોહે મૂરતિ મોહનગારી
જસ મહિમા છે અતિ ભારી, માનું મોહન વેલ ॥ ૨ ॥
આસપાસ જિનબિંબને ચિત્ત ધરીએ, રાયણ પગલા ન વિસરીએ
પુંડરીક ગણધર ગુણ વરીએ, કરીએ જન્મ પવિત્ર ॥ ૩ ॥
ઋષભ પ્રભુજી આવીયાં દિલ ધારી, ઈહાં પૂર્વ નવાણું વારી
મુનિ ધ્યાન ધરે અતિ ભારી, એ તીર્થ નમુ ગુણખાણ ॥ ૪ ॥
પુંડરીક ગિરી નામ સે ઓળખાયો, જ્ઞાતા સૂત્રમાં તીર્થ બતાવ્યો
સીમંધર મુખસે ગંવાયો, નામ લિએ સુખ થાય
હરિ નામ લિએ દુઃખ જાય ॥ ૫ ॥
તીર્થ પ્રતાપી ભેટીયે મનોહારી, રૂડો દેશ સોરઠ શણગારી
સૌભાગ્ય વિજય દિલ પ્યારી, હારે નમીયે વારંવાર ॥ ૬ ॥

(૫)

દાદા આદેશ્વરજી, દૂરથી આવ્યો દાદા દરશન દ્યો
કોઈ આવી હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે
કોઈ આવે પગપાળે, દાદા ને દરબાર ॥ ૧ ॥
શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચઢે પલાણે
હું આવું પગ પાળે, દાદાને દરબાર ॥ ૨ ॥
કોઈ મૂકે સોના રૂપા કોઈ મૂકે મહોર
કોઈ મૂકે ચપટી ચોખા દાદાને દરબાર ॥ ૩ ॥
શેઠ મૂકે સોના રૂપા રાજા મૂકે મહોર

હું મુકુ ચપટી ચોખા દાદાને દરબાર ॥ ૪ ॥
કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ
કોઈ માંગે ચરણની સેવા દાદાને દરબાર ॥ ૫ ॥
પાંગળો માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ
હું માગું ચરણની સેવા દાદાને દરબાર ॥ ૬ ॥
હીરવિજય ગુરૂ હીરલો, ને વીરવિજય ગુણ ગાય
શત્રુંજયના દર્શન કરતા આનંદ અપાર
હાં હા આનંદ અપાર દાદા... ॥ ૭ ॥

## (૬)

ઋષભ જિણંદ ઋષભ જિણંદા, તુમ દર્શન હુવે પરમાનંદા
અહોનિશ ધ્યાઊં તુમ દેદારા, મહેર કરીને કરજો ભવ પાર ॥ ...૧
આપણને પુંઠે કે વળગ્યા, તેહ કિમ સરસે કરતા અળગા
અળગા કીધા પણ રહે જે વળગા, મોર પીંછ પરે ન હુએ ઉભગા ॥ ...૨
તુમ પણ અલગે થયે કિમ સરસે, ભક્તિ ભલી આકર્ષી લેશે
ગગને ઊડે દૂર પડાઈ, દોરી બળે હાંથે રહી આઈ ॥ ...૩
મુજ મનડુ છે ચપલ સ્વભાવે, તોહે અંતર્મુહુર્ત પ્રસ્તાવે
તું તો સમય સમય બદલાયે, ઈમ કિમ પ્રિતી નિવાહો થાયે ॥ ...૪
તે માટે હું સાહીબા મારો, હું છું સેવક ભવોભવ તારો
યહ સંબંધમાં હમ શું ખામી, વાચક માન કહે શિરનામી ॥ ...૫

(૭)

## શ્રી પુંડરીકસ્વામિનું સ્તવન

એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ, પૂછે શ્રી આદિજિણંદ
સુખકારી રે; કહીએ તે ભવજલ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એક૦ ૧.
કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ
જયકારી રે; તીરથ મહિમા વાધસે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક૦ ૨.
ઈમ નિસુણીને તિહાં આવીયા રે લાલ,
ઘાતિ કરમ કર્યા દૂર તમવારી રે; પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ;
હુઆ સિદ્ધ હજુર ભવપારી રે એક૦ ૩.
ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે; ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એક૦ ૪.
દશ વીસ ત્રીસ ચાલીસ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે; નરભવ લાહો લીજીએ રે લાલ,
જેમ હોય ‘જ્ઞાન’ વિશાલ મનોહારી રે. એક ૦ ૫.

(૮)

શ્રી આદીશ્વર અંતરજામી, જીવન જગત આધાર, શાંત
સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચળ શણગાર, રાયણ રૂડી રે.
જીહાં પ્રભુ પાય ધરે, વિમલગિરિ વંદો રે દેખત દુઃખ હરે,
પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે. ૧
ગુણ અનંતા ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત;

વળી રે સિદ્ધશે વાર અનંતી, ઈમ ભાખે ભગવંત,
ભવોભવ કેરા રે, પાતિક દુર ટળે. વિમલ૦ ૨.
વાવડીયું રસ કુંપા કેરી મણિ, માણેકની રે ખાણ;
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એહવી શ્રી જિનવાણ;
સુખના સ્નેહી રે બંધન દૂર કરે. વિમલ૦ ૩
પાંચ કોડીશું પુંડરીક સિદ્ધા, ત્રણ કોડીશું રામ;
વીસ કોડીશું પાંડવમુક્તિ, સિદ્ધક્ષેત્ર સિદ્ધઠામ;
મુનિવર મોટા રે, અનંતા મુક્તિ વરે વિમલ૦ ૪.
એસો તીરથ ઔર ન જગમેં, ભાખે શ્રી જિનભાણ;
દુર્ગતિ કાપે ને પાર ઉતારે, વ્હાલો આપે કેવલનાણ;
ભવિજન ભાવે રે, જે એહનું ધ્યાન ધરે. વિમલ૦ ૫.
દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રી જિનપાય;
ચિદાનંદ શુદ્ધ આતમવેદી, જ્યોતિસે જ્યોત મીલાય,
કીરતિ એહની રે, 'માણેકમુનિ' કહે. વિમલગિરિ વંદો૦ ૬.

## (૯)

## રાયણ પાદુકાનું સ્તવન

ઉમૈયા મુજને ઘણી, જીહો ભેટું વિમલગિરિરાય, દોઈતરા
મુજ પાંખડી જીહો લળી લળી લાગું પાય કે, મોહનગારા
હો રાજ રૂડા મારા સાંભળ સગુણા સુડા. ૧
શત્રુંજય શિખર સોહામણો, જીહો ધન્ય ધન્ય રાયણ રૂખ:
ધન્ય પગલાં પ્રભુજી તણાં; જીહો દીઠડે ભાંગે ભુખ કે, મોહન૦ ૨.
ઈણ ગિરિ આવી સમોસર્યા, જીહો નાભિનરીન્દ મલ્હાર;
પાવન કીધી વસુંધરા, જીહો પૂર્વ નવાણું વાર કે.
મોહન૦ ૩.

પુંડરીક મુનિ મુગતે ગયા, જીહો સાથે મુનિ પંચ ક્રોડ;
પુંડરિક ગિરિવર એ થયા, જીહો નમો નમો બે કર જોડ કે.
મોહન૦ ૪.

એણે તીર્થે સિધ્યા ઘણા, જીહો સાધુ અનંતી ક્રોડ;
ત્રણ ભુવનમાં જોવતાં, જીહો નહીં કોઈ એહની જોડ
કે. મોહન૦ ૫.

મનોવાંછિત સુખ મેળવે, જીહો જપતાં એ ગિરિરાજ,
દ્રવ્ય ભાવ વૈરીતણા, જીહો ભય જાવે સવિ ભાંજ કે.
મોહન૦ ૬.

વાચક 'રામવિજય' કહે, જીહો નમો નમો તીરથ એહ;
શિવમંદિર નિશ્રેણ છે, જીહો એહમાં નહીં સંદેહ કે.
મોહન૦ ૭.

## (૧૦)

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું;
ઋષભજિણંદ જુહારીને, સૂરજકુંડમાં ન્હાશું...તે ૦ ૧
સમવસરણમાં બેસીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી... તે ૦ ૨
સમકિત વ્રત સૂધા કરી, સદગુરૂને વંદી,
પાપ સર્વ આલોઈને નિજ આતમ નંદી... તે ૦ ૩
પડિક્કમણાં દોય ટકનાં, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે... તે ૦ ૪
વ્હાલા ને વૈરી વચ્ચે, નવિ કરશું વહેરો,
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચહેરો... તે ૦ ૫

ધર્મસ્થાનક ધન વાપરી, ષટ્કાયને હેતે,
પંચમહાવ્રત લઈને, પાળશું મન પ્રીતે... તે ૦ ૬
કાયાની માયા મેલીને, પરિષહને સહીશું;
સુખ-દુઃખ સર્વે વિસારીને, સમભાવે સહીશું... તે ૦ ૭
અરિહંતદેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
ઉદયરત્ન એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું...તે ૦ ૮

## (૧૧)

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહ્યો,
ઋષભદેવ પૂજા કરી, લીજે ભવ તણો લાહો, શ્રી રે૦ ૧.
મણિમય મૂરતિ શ્રી ઋષભની, નીપાઈ અભિ રામ;
ભવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શ્રી રે૦ ૨.
નેમિ વિના ત્રેવીશ પ્રભુ. આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શત્રુંજય સમો તીરથ નહીં, બોલ્યા સીમંધર વાણી શ્રી રે૦ ૩.
પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભ જિણંદ,
રામ પાંડવ મુક્તે ગયા, પામ્યા પરમાનંદ શ્રી રે૦ ૪.
પૂરવ પુણ્ય પસાયથી પુંડરીક ગિરિ પાયો,
'કાંતિવિજય' હરખે કરી, શ્રી સિદ્ધાચલ ગાયો. શ્રી રે૦ ૫.

## (૧૨)

મારૂં મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચળે રે, દેખીને હરખિત હોય;
વિધિશું કીજેરે યાત્રા એહની રે; ભવભવનાં દુઃખ જાય;

મારૂં૦ ૧ પંચમે આરે રે પાવન કારણે રે;
એ સમો તીરથ ન કોય; મોટો મહિમા રે જગમાં એહનો રે,
આ ભરતે ઈહાં જોય. મારૂં૦ ૨.

ઇણ ગિરિ આવ્યા રે જિણવર ગણધરા રે,
સિધ્યા સાધુ અનંત, કઠિણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે,
હોવો કરમ નિશાંત, મારૂં૦ ૩.

જૈન ધર્મ તે સાચો જાણીએ રે, માનું તીરથ એ સ્થંભ;
સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે,
કરતા નાટારંભ. મારૂં૦ ૪.

ધન્ય ધન્ય દાડો રે; ધન્ય ધન્ય વેળા ઘડી રે,
ધરીએ હૃદય મોઝાર 'જ્ઞાનવિમલસૂરિ' ગુણ એહના
ઘણા રે, કહેતાં નાવે પાર મારૂં૦ ૫.

(૧૩)

વિમલાચલ નિતુ વંદિએ, કીજે એહની સેવા; માનું હાથ
એ ધર્મનો, શિતવરૂ ફળ લેવા, વિ૦ ૧
ઉજ્જવલ જિનગૃહ મંડળી, તીહાં દીપે ઉત્તુંગા,
માનુ હિમગિરિ વિભ્રમે આઈ અંબર ગંગા. વિ૦ ૨.
કોઈ અનેરૂ જગ નહિં, એ તીરથ તોલે,
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે વિ૦ ૩.
જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રાફળ કહીયે;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહિયે; વિ૦ ૪.

જન્મ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે,
'સુજશવિજય' સંપદ લહે; તે નર ચિર નંદે વિમલા૦ ૫.

(૧૪)

મનના મનોરથ સવી ફળ્યા એ, સિધ્યાં વાંછિત,
કાજ પૂજો ગિરિરાજને રે; પ્રાયે એ ગિરિ શાશ્વતો એ,
ભવજલ તરવા જહાજ પૂજો ૦ ૧.
મણી માણેક મુક્તા ફળ એ, રજત કનકનાં ફુલ. પૂજો૦
કેસર ચંદન ઘસી ઘણાંએ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦ ૨.
છટ્ઠે અંગે દાખીયો એ, આઠમે અંગે ભાખ-પૂજો૦
સ્થિરાવળી પયન્ને વરણવ્યો એ; એ આગમની શાખ. પૂજો૦ ૩.
વિમલ કરે ભવિલોકને એ, તેણે વિમલાચલજાણ; પૂજો૦
શુકરાજાથી વિસ્તર્યો એ, શત્રુંજય ગુણ ખાણ .પૂજો૦ ૪.
પુંડરીક ગણધરથી થયો એ; પુંડરિકગિરિ ગુણધામ. પૂજો૦
સુરનરકૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીશ નામ. પૂજો૦ ૫.
એ ગિરિવરના ગુણ ઘણા એ, નાણીએ નવિ કહેવાય, પૂજો૦
જાણે પણ કહી નવિ શકે એ; મૂક ગુડને ન્યાય. પૂજો૦ ૬.
ગિરિવર ફરસન નવિ કર્યો એ, તે રહ્યો ગરભાવાસ. પૂજો૦
નમન દર્શન ફરસન કર્યા એ; પૂરે મનની આશ. પૂજો૦ ૭.
આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ; પૂજો૦
'મણિ ઉદ્યોત' ગિરિ સેવતાં એ, ઘર ઘર મંગળ માળ. પૂજો૦ ૮.

## (૧૫)

યાત્રા નવાણું કરીએ વિમલગિરિ, યાત્રા નવાણું કરીએ,
પૂર્વ નવાણું વાર શત્રુંજય ગિરિ, ઋષભજિણંદ સમોસરીએ.
વિમલગિરિ યાત્રા નવાણું કરીએ. ૧
કોડી સહસ ભવ પાતક ત્રુટે;
શત્રુંજય સામો ડગ ભરીએ વિ૦ યાં૦ ૨.
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા.
કરી ચઢીએ ગિરિવરિએ વિ૦ યા. ૩.
પુંડરિક પદ જપીએ મન હરખે,
અધ્યવસાય શુભ દરીએ. વિ૦યા. ૪.
પાપી અભવ્ય ન નજરે દેખે,
હિંસક પણ ઉદ્ધારીએ વિ૦ યા૦ ૫.
ભૂમિ સંથારો ને નારી તણો સંગ,
દૂર થકી પરિહરિએ વિ૦ યા૦ ૬.
સચિત્ત પરિહારી ને એકલ આહારી,
ગુરૂ સાથે પદ ચરીએ વિ૦ યા૦ ૭.
પડિક્કમણાં દોય વિધિ શું કરીએ,
પાપ પડલ પરિહરીએ. વિ૦ યા૦ ૮.
કલિકાળે એ તીરથ મોટું
પ્રવહણ જેમ ભર દરિયે વિ૦ યા૦ ૯.
ઉત્તમ એ ગિરિવર સેવંતા
'પદ્મ' કહે ભવ તરીએ. વિ૦ યા૦ ૧૦.

# સ્તુતિ થોય-સંગ્રહ

## શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ

(૧)

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર;
ઠાકુર રામ અપાર, મંત્રમાંહે નવકાર જ જાણું;
તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જલમાં જાણું;
પંખીમાંહે જેમ ઉત્તમ હંસ, કુલમાંહે જેમ ઋષભનો વંશ,
નાભિતણો એ અંશ, ક્ષમાવંતમાં શ્રી અરિહંત,
તપશુરામાં મહામુનિવંત, શત્રુંજય ગિરિ ગુણવંત.

(૨)

સવિ મળી કરી આવો, ભાવના ભવ્ય ભાવો; વિમલગિરિ
વધાવો, મોતીના થાળ લાવો; જો હોઈ શિવજાવો, ચિત્ત તો
વાત ભાવો, ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો.

(૩)

શ્રી શત્રુંજય મુખ્યતીર્થતિલકં શ્રીનાભિરાજાંગજં; વંદે
રૈવતશૈલમૌલીમુકુટં, શ્રીનેમિનાથં યથા; તારંગેપ્યજિતં
જિનં ભૃગુપુરે શ્રીસુવ્રતં સ્તંભને, શ્રી પાર્શ્વ પ્રણમામિ
સત્યનગરે શ્રી વર્ધમાનં ત્રિધા. ॥

(૪)

શ્રી સિદ્ધાચલ મંડણ ઋષભ જિણંદ દયાલ, મરૂદેવાનંદન,
વંદન કરૂં ત્રણ કાળ; એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર.

(૫)

આદિ જિનવરરાયા, જાસ સોવન કાયા, મરૂદેવી માયા, ધોરી લંછન પાયા, જગત સ્થિતિ નીપાયા, શુદ્ધ ચારિત્ર પાયા, કેવળ સિરિરાયા, મોક્ષનગરે સિધાયા.

## શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ

(૧)

શ્રી પુંડરીકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ, વિમલાચલ ભેટી, લહીએ અવિચળ રિદ્ધ; પંચમી ગતિ પહોંચ્યા મુનિવર કોડા-કોડ, એણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૧

(૨)

પુંડરીક ગણધર પાય પ્રણમીજે આદીશ્વર જિનચંદાજી, નેમિ વિના ત્રેવીશ તીર્થંકર ગિરિ ચઢીયા આણંદાજી; આગમમાંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણંદાજી, ચૈત્રી પૂનમદિન દેવી ચક્કેસરી સૌભાગ્ય દ્યો સુખકંદાજી.

## શ્રી શત્રુંજય તીર્થનાં ૨૧ ખમાસણાં દેવા માટેના ૨૧ નામોના ગુણગર્ભિત દુહા.

### પહેલા ખમાસમણના દુહા

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર (૧)

અંગ વસન મન ભૂમિકા, પૂજો પગરણ સાર;
ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. (૨)
કાર્તિક સુદિ પૂનમ દિને, દશ કોટિ પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર (૩)
તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સચલ પરિવાર;
આદિ જિન સનમુખ રહી, ખમાસમણ બહુ વાર(૪)
એકવીશ નામે વરણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુમાન (૫)

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર ૧
આ દુહો પ્રત્યે ખમાસમણ દીઠ ખમાસમણના દુહા
બોલ્યા બાદ બોલવો અને પછી ખમાસમણ દેવું.

## બીજા ખમાસમણના દુહા

સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક ગણધાર;
લાખ સવા માહાતમ કહ્યું, સુર નર સભા મઝાર (૬)
ચૈત્રી પુનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ (૭)
તિણે કારણ પુંડરિકગિરિ નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીયે, ઊઠી નિત્ય પ્રભાત
સિદ્ધાચલ૦ (૮)૨

## ત્રીજા ખમાસમણના દુહા

વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઈણે ઠામ;
એમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ.

સિદ્ધાચલ૦ (૯) ૩

## ચોથા ખમાસમણના દુહા

અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક;
તુંબીજલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક (૧૦)
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મકઠિન મલધામ;
અચલ પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ.

સિદ્ધાચલ૦ (૧૧) ૪

## પાંચમા ખમાસમણના દુહા

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. (૧૨)
ભરતાદિ ચૌદ ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક.

સિદ્ધાચલ૦ (૧૩) ૫

## છઠ્ઠા ખમાસમણના દુહા

એંસી યોજન પૂથુલ છે, ઉંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ.

સિદ્ધાચલ૦ (૧૪) ૬

## સાતમા ખમાસમણના દુહા

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક;
જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનિક
સિધ્ધાચલ૦ (૧૫)
વિપ્રલોક વિષધર સમા દુ:ખીયા ભૂતલ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. (૧૬)
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ.
સિદ્ધાચલ૦ (૧૭) ૭

## આઠમા ખમાસમણના દુહા

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવલ લક્ષ્મી નિધાન. (૧૮)
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર.
સિદ્ધાચલ૦ (૧૯) ૮

## નવમા ખમાસમણના દુહા

શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વર્ણવ્યો, તિણે એ ઇંદ્રપ્રકાશ.
સિદ્ધાચલ૦ (૨૦) ૯

## દશમા ખમાસમણના દુહા

દશ કોટી અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર;
જૈન તીર્થ યાત્રા કરે, લાભતણો નહીં પાર. (૨૧)
તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહાતીરથ અભિધાન.
સિદ્ધાચલ૦ (૨૨) ૧૦

## અગિયારમા ખમાસમણના દુહા

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત.
સિદ્ધાચલ૦ (૨૩) ૧૧

## બારમા ખમાસમણના દુહા

ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર;
યાત્રા કરતા કાર્તિકી, ન રહે પાપ લગાર. (૨૪)
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય-ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર. (૨૫)
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઈણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તિણે દૃઢશક્તિ નામ.
સિદ્ધાચલ૦ (૨૬) ૧૨

## તેરમા ખમાસમણના દુહા

ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચાસુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરિ તેહ.
સિદ્ધાચલ૦ (૨૭) ૧૩

## ચૌદમા ખમાસમણના દુહા

ચંદા સૂરજ બિહું જણા, ઊભા ઇણે ગિરિ શૃંગ;
વધાવિયો વર્ણન કરી, પુષ્પદંતગિરિ રંગ.
સિદ્ધાચલ૦ (૨૮) ૧૪

## પંદરમા ખમાસમણના દુહા

કર્મકઠણ ભવજલ તજી, ઇહાં પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ.
સિદ્ધાચલ૦ (૨૯) ૧૫

## સોળમા ખમાસમણના દુહા

શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર;
મુનિવર વર બેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર.
સિદ્ધાચલ૦ (૩૦) ૧૬

## સત્તરમા ખમાસમણના દુહા

શ્રી સુભદ્રાગિરિ નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલ તરુ રજ ગિરિવર તણી, શિષ-ચડાવે ભૂપ.
સિદ્ધાચલ૦ (૩૧) ૧૭

## અઢારમા ખમાસમણના દુહા

વિદ્યાધર સુર અપચ્છરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતાં હરતા પાપને, ભજીયે ભવી કૈલાસ.
સિદ્ધાચલ૦ (૩૨) ૧૮

## <u>ઓગણીસમા ખમાસમણના દુહા</u>

બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર.(33)
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપૂરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ.
સિદ્ધાચલ૦ (૩૪) ૧૯

## <u>વીસમા ખમાસમણના દુહા</u>

પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલગીરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોયે સંસાર.
સિદ્ધાચલ૦ (૩૫) ૨૦

## <u>એકવીસમા ખમાસમણના દુહા</u>

તન-મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ;
જે વાંછે તે સંપજે, શિવરમણી સંયોગ. (૩૬)
વિમલાચલ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ષટ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂરે (પૂગે) સઘળી આશ. (૩૭)
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ. (૩૮)
સર્વકામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી શુભવીરવિજય પ્રભુ, નમતા ક્રોડ કલ્યાણ.
સિદ્ધાચલ૦ (૩૯) ૨૧

## શ્રી શત્રુંજયના નવ દુહા

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;

મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૧
સોરઠ દેશમાં સંચર્યો, ન ચડ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદીએ નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર.૨
શેત્રુંજી નદીએ નાહીને, મુખ બાંધી મુખ કોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૩
એકેકું ડગલું ભરે, શેત્રુંજા સામો જેહ;
ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ. ૪
શેત્રુંજા સમો તીરથી નહિ, ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરખા ગુરૂ નહીં, વળી વળી વંદુ તેહ. ૫
જગમાં તીરથ દો વડા, શેત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમીકુમાર. ૬
સિદ્ધાચલ સિદ્ધિવર્યા, મુનિવર ક્રોડ અનંત;
આગે અનંતા સિધશે, પૂજો ભવી ભગવંત. ૭
શત્રુંજયગિરિ મંડણો, મરુદેવીનો નંદ;
યુગલા ધર્મ નિવારણો, નમો યુગાદિ જિણંદ. ૮
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ;
વળી વળી એ ગિરિ વંદતા, શિવરમણી સંયોગ. ૯

## શ્રી નયસુંદરજી કૃત દુહો
## શ્રી શત્રુંજય ઉદ્ધારનો રાસ.

વિમલગિરિવર વિમલગિરિવર મંડણો જિનરાય,
શ્રીરિસહેસર પાય નમીને;
ધરીયે ધ્યાન શારદાદેવીય, શ્રીસિદ્ધાચળ

ગાયસ્યુંએ, હૈયે ભાવ નીરમળ ધરેવીય,
શ્રી શત્રુંજય તીરથ વડુંએ;
જીહાં સિદ્ધ અનંતી કોડિ,
જિહાં મુનિવર મુગતે ગયા,
વંદુ બે કર જોડી. (૧)

## ઢાળ ૧ લી.

(આદનરાય પુહતા. એ દેશી.)

બે કર જોડીને જિન પાય લાગું, સરસ્વતી
પાસે વચનરસ માગું; શ્રી શત્રુંજયગિરિ (૨)
તિરથ સાર, થુણવા થયોરે અપાર. ૨
તીરથ નહીં કોઈ શત્રુંજય તોલે, અનંત
તીર્થંકર એણિપરે બોલે; ગુરૂ મુખે શાસ્ત્રનો
લહીય વિચાર. વર્ણવું શેત્રુંજા તીરથ ઉદ્ધાર. ૩
સુરવર માંહી વડો જીમ ચંદ્ર; મંત્ર માંહિ
જિમ શ્રી નવકાર, જળદાયક માંહ્ય જિમ જળધાર. ૪
ધર્મ માંહિ દયા ધર્મ વખાણ, વ્રત માંહિ જિમ બ્રહ્મવ્રત જાણ;
પર્વત માંહિ વડો મેરૂ હોય, તિમ શત્રુંજય તીરથ ન કોય. ૫

## ઢાળ ૨ લી.

(રાગ-ત્રણ પલ્યોપમ)

આગે એ આદિજિણેસર, નાભિનંદ નરિંદ મલ્હાર;
શત્રુંજયશિખર સમોસર્યા, પૂર્વ નવાણું એ વાર. ૬

કેવળજ્ઞાન દિવાકર, સ્વામી શ્રી રિષભજિણંદ,
સાથે ચોરાશી ગણધરા, સહસ ચોરાશી મુણિંદ. ૭
બહુ પરિવારે પરિવર્યા, શ્રી શત્રુંજય એકવાર;
રિષભજિણંદ સમોસર્યા, મહિમા લહીએ ન પાર. ૮
સુરનર કોડિ મિલ્યા તિહાં, ધર્મદેશના જિન ભાસે;
પુંડરિક ગણધર આગળે, શત્રુંજય મહિમા પ્રકાશે. ૯
સાંભળો પુંડરિક ગણધરા; કાળ અનાદિ અનંત,
એ તીરથ છે શાશ્વતું, આગે અસંખ્ય અરિહંત. ૧૦.
ગણધર મુનિવર કેવળી, પામ્યા અનંતી એ કોડી;
મુગતે ગયા એણે તીર્થે વળી, જાશે કર્મ વિછોડી. ૧૧
ક્રૂર હોય જે જીવડા, તિર્યંચ પંખી કહીજે;
એ તીરથ સેવ્યા થકી, તે સીઝે ભવ ત્રીજે. ૧૨
દીઠા દુરગતિ નિવારે, સારે વાંછીત કાજ;
સેવ્યો શ્રી શત્રુંજય ગિરિવર, આપે અવિચળ રાજ. ૧૩

## ઢાળ ૩ જી.

(સહીયર સમાણી આવો વેગે-એ દેશી.)

ઉત્સર્પિણી અવસર્પિણી આરો, બેહુ મિલીને બારજી;
વીશ કોડાકોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી. ૧૪
પહેલો આરો સુષમસુષમા, સાગર કોડાકોડિ ચારજી;
તે કાળે એ શત્રુંજય ગિરિવર, એંસી યોજન અવધારજી. ૧૫
ત્રણ કોડાકોડિ સાગર આરો, બીજો સુષમ નામજી;
તે કાળે એ શ્રી સિદ્ધાચળ, સીત્તેર જોયણ અભિરામજી. ૧૬

ત્રીજો સુષમ દુષમ આરો, સાગર કોડા કોડિ દોયજી;
સાઠ જોયણનું માન શત્રુંજય, તદાકાળે તું જોયજી. ૧૭
ચોથો દુષમ સુષમ જાણો, પાંચમો દુષમ આરોજી;
છઠ્ઠો દુષમ દુષમ કહીએ, એ ત્રણ થઈને વિચારોજી. ૧૮
એક કોડાકોડિ સાગર કેરૂં, એહનું કહિએ માનજી;
ચોથે આરે શત્રુંજય ગિરિ, પચાસ જોયણ પરધાનજી. ૧૯
પાંચમે છટ્ઠે એકવીસ એકવીસ, સહસ વરસ વખાણોજી;
બાર જોયણ ને સાત હાથનો, તદા વિમળગિરિ જાણોજી. ૨૦
તેહ ભણી સદાકાળ એ તીરથ, શાશ્વતું જિનવર બોલેજી;
ઋષભદેવ કહે પુંડરિક નિસુણો, નહિ કોઈ શત્રુંજય તોલેજી. ૨૧
નાણ અને નિરવાણ મહાજસ, લેસ્યો તમે ઇણ ઠામેજી;
એહ તિરથ મહિમા ઇણ જગે, પ્રગટ હોશે તુમ નામેજી. ૨૨

## ઢાળ ૪ થી.

(જિનવરસ્યું મેરો મન લીનો. એ દેશી.)

સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરિક ગણધાર રે;
પંચકોડિ મુનિવરશું ઇણ ગિરિ, અણ સણ કીધું ઉદાર રે. ૨૩
નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર, સકળ તીરથ માંહી સાર રે;
દીઠે દુરગતિ દુર નિવારે, ઉતારે ભવ પાર રે. નમો. ૨૪
કેવળ લેઈ ચૈત્રી પૂનમ દીન, પામ્યા મુગતિ સુઠામ રે;
તદાકાળથી પૃથ્વીમાં પ્રગટિઉં, પુંડરિકગિરિવર નામરે. નમો. ૨૫
નયરી અયોધ્યાથી વિચરતા પહોંતા, તાતજી ઋષભ જિણંદરે;
સાઠ સહસ વર્ષે સમ ષટ્ ખંડ સાધી ઘેર આવ્યા ભરત નરિંદરે નમો.૨૬
ઘેર જઈ માયને પાયે લાગી, જનની દ્યો આશીષ રે;

વિમળાચળ સંઘાધિપ કેરિ, પહોંચજ્યો પુત્ર જગીસરે. નમો.૨૭
ભરત વિમાસે સાઠ સહસ વર્ષ, સાધ્યા દેશ અનેક રે;
હવે હું તાત પ્રત્યે જઈ પુછું, સંઘપતિ તિલક વિવેક રે. નમો. ૨૮
સમવસરણે પહોંચ્યા ભરતેસર, વંદિ પ્રભુના પાય રે,
ઇંદ્રાદિક સુરનર બહુ મિલિયા; દેશના દે જિનરાયરે. નમો. ૨૯
શત્રુંજય સંઘાધિપ યાત્રાફળ, ભાખે શ્રી ભગવંત રે;
તવ ભરતેસર કરેરે સજાઈ, જાણી લાભ અનંત રે. નમો. ૩૦

## ઢાળ ૫ મી.

(કનકકમળ પગલાં ઠવેએ એ રાગ.)

નયરી અયોધ્યાથી, સંચર્યાએ, લેઈ લેઈ રિદ્ધિ અસેસ;
ભરત નૃપ ભાવસ્યું એ, શત્રુંજય યાત્રા રંગ ભરે એ,
આવે આવે ઉલટ અંગ, ભરત નૃપ ભાવસ્યું એ. ૩૧
આવ આવ ઋષભના પુત્ર, વિમળગિરિ યાત્રાએ એ.
લાવે લાવે ચક્રવર્તિની રિદ્ધિ, ભ૦
મંડલિક મુગટ વરધન ઘણાએ, બત્રીસ સહસ નરેશ. ભ૦ ૩૨
ઢમઢમ વાજે છંદસ્યું એ, લાખ ચોરાશી નિસાણ; ભ૦
લાખ ચોરાશી ગજ તૂરીએ, તેહના રત્ન જડિત પલાણ ભ૦ ૩૩
લાખ ચોરાશી રથ ભલાએ, વૃષભ ઘોરી સુકુમાળ; ભ૦
ચરણે ઝાંઝર સોના તણાંએ, કોટે સોવન ઘુઘરમાળ. ભ૦ ૩૪
બત્રીસ સહસ નાટક સહીએ, ત્રણ લાખ મંત્રી દક્ષ; ભ૦
દીવીધરા પંચલાખ કહ્યાએ, સોળ સહસ સેવા કરે યક્ષ. ભ૦ ૩૫

દશ કોડિ આલંબ ધજાધરાએ, પાયક છન્નું કોડ; ભ૦
ચોસઠ સહસ અંતેઉરીએ, રૂપે સરખી જોડ. ભ૦ ૩૬
એક લાખ સહસ અઠાવીસએ, વારંગનાનાં રૂપ નિઆલિ; ભ૦
શેષ તુરંગમ સવિ મિલીએ, કોડિ અઢાર નિહાળ. ભ૦ ૩૭
ત્રણ કોડિ સાથે વેપારીયાએ, બત્રીસ કોડિ સૂઆર ભ૦
શેઠ સારથવાહ સામટાએ, રાય રાણાનો નહિ પાર. ભ૦ ૩૮
નવ નિધિને ચૌદ રયણસ્યુંએ, લીધો લીધો સવ પરિવાર ભ૦
સંઘપતિ તિલક સોહામણુંએ, ભાલે ધરાવ્યું સાર. ભ૦ ૩૯
પગે પગે કરમ નિકંદતાએ, આવ્યા આવ્યા આસન જામ; ભ૦
ગિરિ પેખી લોચન ઠર્યાએ, ધન ધન શત્રુંજય નામ. ભ૦ ૪૦
સોવન ફુલ મુગતાફળેએ, વધાવ્યા ગિરિરાજ; ભ૦
દેઈ પ્રદક્ષિણા પાખથીએ, સીધ્યાં સઘળાં કાજ. ભ૦ ૪૧

## ઢાળ છ ઠ્ઠી.

(જળમાળાની દેશી.)

કાજ સીધ્યા સકલ હવે સાર, ગિરિ દીઠે હરખ અપાર;
એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા ફળ કહીએ તેહ. ૪૨
સૂરજકુંડ નદી શેત્રુંજી, તીરથ જળે નાહ્યા રંજી;
રાયણ તળે ઋષભ જિણંદા, પહેલાં પગલાં પૂજે નરિંદા. ૪૩
વળી ઈંદ્ર વચન મન આણી, શ્રી ઋષભનું તીરથ જાણી;
તવ ચક્રી ભરત નરેશ, વાર્દ્ધકિને દીધો આદેશ. ૪૪
તિણે શેત્રુંજા ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉત્તંગ;

નીપન્યો અતી મનોહર, એક કોસ ઉંચો ચૌબાર. ૪૫
ગાઉ દોઢ વિસ્તારે કહીએ, સહસ ધનુષ્ય પહોળપણે લહીએ,
એકેક બારણે જોઈ, મંડપ એકવીસજ હોઈ. ૪૬
એમ ચારે દિસે ચોરાશી, મંડપ રચીયા સુપ્રકાશી;
તિહાં રચણમય તોરણ માળ, દીસે અતિ ઝાકમઝાળ. ૪૭
વિચે ચિહું દિસે મૂળ ગભારે, થાપી જિનપ્રતિમા પ્યારે;
મણિમય મૂરતિ સુખકંદ, થાપ્યા શ્રી આદિ જિણંદ. ૪૮
ગણધર વર પુંડરિક કેરી, થાપી બિહું પાસે મુરતિ ભલેરી;
આદિજિન મૂરતિ કાઉસગીયા, નમિ વિનમી બેહુ પાસે ઠવીયાં. ૪૯
મણિ સોવન રૂપ પ્રાકાર, રચ્યું સમોસરણ સુવિચાર;
ચિહુંદીસે ચઉધર્મ કહંતા, થાપી મૂરતિ શ્રી ભગવંતા. ૫૦
ભરતેસર જોડી હાથ, મૂરતિ આગળ જગનાથ;
રાયણ તળે જમણે પાસે, પ્રભુ પગલાં થાપ્યાં ઉલ્લાસે. ૫૧
શ્રી નાભિ અને મરૂદેવી, પ્રસાદસ્યું મૂરતિ કરેવી;
ગજવર ખંધે લહી મુક્તિ, કીધી આઈની મૂરતિ ભક્તિ ૫૨
સુનંદા સુમંગલા માતા બ્રાહ્મિ સુંદરી બ્હેની વિખ્યાતા;
વળી ભાઈ નવાણું પ્રસિદ્ધ, સવી મરતિ મણિમય કીધ. ૫૩
નીપાઈ તીરથમાળ, સુપ્રતિષ્ઠા કરાવી વિશાળ;
યક્ષ ગોમુખ ચકેસરી દેવી, તીરથ રખવાળ ઠવેવી. ૫૪
એમ પ્રથમ ઉદ્ધારજ કીધો, ભરતે ત્રિભુવન જસ લીધો;
ઈંદ્રાદિક કીરતી બોલે, નહિં કોઈ ભરત નૃપ તોલે. ૫૫
શત્રુંજય મહાત્મ્ય માંહિ, અધિકાર જો જો ઉછાંહી; ૫૬

વસ્તુ.

## જિન પ્રતિમા જિનવર સરખી જુઓ સૂત્ર ઉવવાઈ નિરખી

ભરતે કીધો ભરતે કીધો, પ્રથમ ઉદ્ધાર;
ત્રિભુવન કીરતિ વિસ્તારી, ચંદ સુરજ લગે નામ રાખ્યું;
તિણે સમે સંઘપતિ કેટલા, હુવા સો એમ શાસ્ત્રે ભાખ્યું.
કોડિ નવાણું નર વર હુઆ, નેવ્યાસી લાખ;
ભરત સમે સંઘપતિ વળી, સહસ ચોરાશી લાખ. ૫૭

## ઢાળ ૭ મી.

(ચોપાઈની ચાલ)

ભરત પાટે હુવા આદિતયસા, તસ પાટે તસ સુત મહાજસા;
અતિબળભદ્ર અને બળવીર્ય, કીર્તિવીર્ય અને જળવીર્ય. ૫૮
એ સાતે હુઆ સરિખી જોડી ભરત થકી ગયા પૂરવ છ કોડી;
દંડવીર્ય આઠમે પાટે હુવો, તેણે ઉદ્ધાર કરાવ્યો નવો. ૫૯
ઇંદ્રે સોઈ પ્રસંસ્યો ઘણું, નામ અજવાળ્યું પૂર્વજ તણું;
ભરત તણી પેરે સંઘવી થયો, બીજો ઉદ્ધાર એહનો કહ્યો. ૬૦
ભરત પાટે એ આઠે વળી ભુવન આરીસામાં કેવળી;
એણે આઠે સવિ રાખી રીતી, એક ન લોપી પૂર્વજ રીતિ. ૬૧
એકસો સાગર વીત્યા જિસે, ઈશાનેન્દ્ર વિદેહમાં તિસે;
જિનમુખે સિદ્ધગિરિ સુણ્યો વિચાર, તિણે કીધો ત્રીજો ઉદ્ધાર.૬૨
એક કોડી સાગર વળી ગયાં, દીઠાં ચૈત્ય વિશિથીલ થયાં;
માહેંદ્ર ચોથો સુર લોકેંદ્ર કીધો ચોથો ઉદ્ધાર ગિરીન્દ્ર. ૬૩

સાગર કોડી ગયાં દશ વળી, શ્રી બ્રહ્મેન્દ્ર ઘણું મન રૂળી;
શ્રી શત્રુંજય તીરથ મનોહાર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર. ૬૪
એક કોડી લાખ સાગર અંતરે, ચમરેન્દ્રાદિક ભુવન ઉદ્ધર્યે;
છઠ્ઠો ઈન્દ્ર ભુવનપતિતણો, એ ઉદ્ધાર વિમળગિરિ સુણો. ૬૫
પચાસ કોડી લાખ સાગર તણું, આદિ અજીત વચ્ચે અંતર ભણું;
તેહ વચ્ચે હુવા સુક્ષ્મ ઉદ્ધાર, તે કહેતાં નવિ લહીએ પાર. ૬૬
હવે અજીત બીજા જિન દેવ, શ્રી શેત્રુંજે સેવામિષ હેવ;
સિદ્ધ ક્ષેત્ર દેખી ગહ ગહ્યા, અજિતનાથ ચોમાસું રહ્યા. ૬૭
ભાઈ પીતરાઈ અજિત જિનતણો સગર નામે બીજો ચક્રવર્તી ભણો;
પુત્ર મરણે પામ્યો વૈરાગ, ઈન્દ્ર પ્રીછ વીયો મહાભાગ્ય. ૬૮
ઈન્દ્ર તે વચન હૈડામાં ધરી, પુત્ર મરણ ચિંતા પરિહરી;
ભરત તણી પરે સંઘવી થયો શ્રી શત્રુંજય યાત્રા ગયો. ૬૯
ભરત મણીમય બિંબ વિશાલ, કર્યા કનકપ્રાસાદ ઝમાલ;
તે પેખી મન હરખ્યો ઘણું, નામ સાંભળ્યું પૂર્વજ તણું. ૭૦
જાણી પડતો કાળ વિશેષ રખે વિનાશ ઉપજે રેષ;
સોવન ગુફા પશ્ચિમ દિશા જિહાં, રયણ બિંબ ભંડાર્યા તિહાં. ૭૧
કરી પ્રાસાદ સયળ રૂપના, સોવન બિંબ કરી થાપના;
કર્યા અજિત પ્રાસાદ ઉદાર, એ સગર સાતમો ઉદ્ધાર. ૭૨
પચાસ કોડિ પંચાણું લાખ, ઉપર સહસ પંચોતેર ભાખ;
એટલા સંઘવી ભૂપતિ થયા, સગર ચક્રવર્તી વારે કહ્યા. ૭૩
ત્રીસ કોડિ દસ લાખ કોડિ સાર, સગર અંતર કર્યો ઉદ્ધાર;
વ્યંતરેન્દ્ર આઠમો સુચંગ, અભિનંદન ઉપદેશ ઉત્તંગ. ૭૪
વારે શ્રી ચંદ્રપ્રભુ તણે ચંદ્રશેખર સુત આદર ઘણે;
ચંદ્રજસા રાજા મન રંગ, નવમો ઉદ્ધાર કર્યો શેત્રુંજ. ૭૫

શાંતિનાથ સોળમાં સ્વામ, રહ્યા ચોમાસું વિમળગિરિ ઠામ;
તસ સુત ચક્રાયુદ્ધ રાજિયો, તેણે દશમો ઉદ્ધારજ કીઓ. ૭૬
કીઓ શાંતિ પ્રાસાદ ઉદામ, હવે દશરથ સુત રાજા રામ;
એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિ સુવ્રત વારે મનોહાર. ૭૭
નેમિનાથ વારે નિરધાર, પાંડવ પાંચે કર્યો ઉદ્ધાર;
શ્રી શત્રુંજયગિરિ પુગી રળી એકાદશમો જાણો વળી. ૭૮

## ઢાળ ૮ મી.

(રાગ વઈરાડી)

પાંડવ પાંચ પ્રગટ હવા, ખોઈ અક્ષોહિણી અઢારરે;
પોતાની પૃથ્વી કરી, કીધો માયને જુહારરે. ૭૯
કુંતામાતા એમ ભણે, વત્સ સાંભળો આપરે;
ગોત્ર નિકંદન તુમે કર્યો, તે કિમ છુટશો પાપરે. ૮૦
પુત્ર કહે સુણ માવડી, કહો અમ શો ઉપાયરે;
તે પાતિક કિમ છુટીએ, વળતું પભણે માયરે. કુ. ૮૧
શ્રી શત્રુંજય તીરથ જઈ, સૂરજકુંડે સ્નાનરે;
ઋષભજિણંદ પૂજા કરી, ધરો ભગવંતનું ધ્યાનરે. ૮૨
માત શિખામણ મન ધરી, પાંડવ પાંચે તામરે;
હત્યા પાતિક છુટવા,સ પહોંચ્યા વિમળગિરિ ઠામરે. ૮૩
જિનવર ભક્તિ પુજા કરી કીધો બારમો ઉધ્ધારરે;
ભુવન નિપાયો કાષ્ટ મય, લેપમય પ્રતિમા સારરે. ૮૪
પાંડવ વીર વચ્ચે આંતરૂં, વરસ ચોરાશી સહસરે,
ચારસેં સીતેર વરસે, હુવો વીરથી વિક્રમ નરેશરે. ૮૫

## ઢાળ ૯ મી.

ધન્ય ધન્ય શત્રુંજય ગિરિવર જિહાં હુવા સિધ્ધ અનંતરે;
વળી હોંશે ઇણે તીરથે, ઇમ ભાખે ભગવંતરે. ધન્ય. ૮૬
વિક્રમથી એકસોને આઠે વરસે હુઓ જાવડશાહરે;
તેરમો ઉદ્ધાર શેત્રુંજે કર્યો, થાપ્યા આદિજીન નાહરે. ધ૦ ૮૭
પ્રતિમા ભરાવીને રંગશું, નવા શ્રી આદિજિણંદરે;
શ્રી શત્રુંજયશિખરે થાપીયા, પ્રાસાદે નયણાણુંદરે. ૮૮
પાંડવા જાવડ આંતરો, પચવિસ કોડિ મયાલરે;
લાખ પંચાણું ઉપરે, પંચોતેર સહસ ભૂપાળરે ધ૦ ૮૯
એટલા સંઘવી તીહાં હુવા, ચૌદસમો ઉધ્ધાર વિશાળરે;
બારતેરોત્તર વર્ષે કરે, મંત્રી બાહડદે શ્રીમાળરે. ધ૦ ૯૦
બારમેં છયાસીએ મંત્રી વસ્તુપાળ જાત્રા શેત્રુંજાગિરિ સારરે;
તિલકા તોરણસ્યું કર્યો, શ્રી ગિરનારે અવતારરે. ૯૧
સંવત તેર ઈકોતરે, શ્રી ઓસવંશ શૃંગારરે;
શાહ સમરો દ્રવ્ય વ્યય કરે, પંચદસમો ઉધ્ધારરે. ધ૦ ૯૨
શ્રી રત્નાકર સૂરીશ્વરૂ, વડતપગચ્છ શૃંગારરે;
સ્વામી ઋષભજ થાપીયા, સમરો શાહ ઉધ્ધારરે. ધ૦ ૯૩

## ઢાળ ૧૦ મી.

(રાગ ઉલ્લાળાનો)

જાવડ સમરા ઉદ્ધાર, એહ વિચે ત્રિણ લખ સાર;
ઉપર સહસ ચોરાશી, એટલા સમકિતવાસી ૯૪
શ્રાવક સંઘપતિ હુઆ, સતરસહસ ભાવસાર જુઆ;

ખત્રી સોળ સહસજાણું પન્નર સહસ વિપ્ર વખાણું. ૯૫
કુટુંબી બાર સહસ કઈએ ; લેઉઆ નવ સહસ લહીયે,
પંચ સહસ પીસતાલીસ, એટલા કંસારા કહીશ એ. ૯૬
સવિ જિનમત ભાવ્યા, શ્રી શત્રુંજય જાત્રાએ આવ્યા;
અવરની સંખ્યા તે જાણું, પુસ્તક દીઠે તે વખાણું. ૯૭
સાતસેં મેહર સંઘવી, યાત્રા તલહટી તસ હવી,
બહુશ્રુત વચને રાચું, એ સવી માનજ્યો સાચું. ૯૮
ભરત સમરા શાહ અંતરે, સંઘવી અસંખ્યાતા ઇણિપરે;
કેવળી વિણ કુણ જાણે, કિમ છદ્મસ્થ વખાણે. ૯૯
નવ લાખબંધી બંધ કાપ્યા, નવલાખ હેમ ટકા આપ્યા;
તોદેશિલહમીરે અન્ન ચાખ્યું, સમરાશાહે નામ રાખ્યું. ૧૦૦
પંદર સત્યાસીએ પ્રધાન, બાદરશા દિએ બહુમાન;
કરમાશાહે જશ લીધો, ઉદ્ધાર સોળમો કીધો. ૧૦૧
એણી ચોવીસીએ વિમળગિરી, વિમળવાહન નૃપ આદરી,
દુપસ્સહ ગુરૂ ઉપદેશે, ઉદ્ધાર છેલ્લો કરશે. ૧૦૨
એમ વળી જે ગુણવંત, તીરથ ઉદ્ધાર મહંત;
લક્ષ્મી લહી વ્યય કરશે, તસ ભાવકાજ તે સરશે. ૧૦૩

## ઢાળ ૧૦ મી

(રાગ માઈ ધન સુપન તું એ)

ધન ધન શત્રુંજયગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ;
કર્મ ક્ષય કરવા, ઘર બેઠા જપો નામ. ૧૦૪
ચોવીસી એણિએ નેમ વિના જિન ત્રેવીસ,

તીરથ ભૂમિ જાણી, સમોસર્યા જગદીશ. ૧૦૫
પુંડરીક પંચ કોડિસ્યું, દ્રાવિડ વારિખિલ્લ જોડી,
કાર્ત્તિક પુનમે સીદ્ધા મુનિવરસ્યું દસ કોડી. ૧૦૬
નમિ વિનમી વિદ્યાધર, દોય કોડિ મુની સુંજાત્ત;
ફાગણ સુદી દસમી, એણિ ગિરિ મોક્ષ પહુત્ત. ૧૦૭
શ્રી ઋષભ વંસી નૃપ, ભરત અસંખ્યાતા પાટ,
મુગતે ગયા ઇણગિરિ, એ ગિરિ શિવ પુર વાટ. ૧૦૮
રામ મુનિ ભારતાદિક મુનિ ત્રિક કોડીસ્યું ઈમ;
નારદસ્યું એકાણું, લાખ મુનિવર તેમ. ૧૦૯
મુનિ શાંબ પદ્યુમ્નસ્યું, સાડી આઠ કોડિ સિદ્ધ;
વીસ કોડીસ્યું પાંડવા, મુગતે ગયા નિરાબાધ. ૧૧૦
વળી ચાવચ્ચા સુત, શુક મુનિવર ઇણે ઠામ
સહસ સહસસ્યું, સિધ્યા પંચશતશેલંગ નામ. ૧૧૧
ઈમ સિદ્ધા મુનિવર, કોડાકોડિ અપાર;
વળી સિધ્ધશે ઇણે ગિરિ, કુણ કહિ જાણે પાર. ૧૧૨
સાત છઠ દોય આઠમ, ગણે એક લાખ નવકાર;
શત્રુંજયગિરિ સેવે, તેહને દોય અવતાર. ૧૧૩

## ઢાળ ૧૨ મી

(રાગ વધાવાનો)

માનવભવ મેં ભલે લહ્યો, લહ્યો તે આરિજ દેશ;
શ્રાવક કુળ લાધ્યું ભલું, જો પામ્યોરે વાલ્હો ઋષભ જિણેશ કે. ૧૧૪
ભેટ્યો રે ગિરિરાજ, હવે સિદ્ધારે માહરાં વંછિત કાજકે,
મુને ત્રુઠયો રે ત્રિભુવન પતિ આજ કે, એ આંકણી ભે૦ ૧૧૫

ધનધન વંશકુલગરતણો, ધનધન નાભિ નરિંદ;
ધનધન મરૂદેવી માવડી,
જેણે જાયોરે વહાલો ઋષભ જિણંદ કે. ભે૦ ૧૧૬
ધનધન શત્રુંજય તીરથ, રાયણ રૂખ ધનધન,
ધન્ય ધન્ય પગલાં પ્રભુ તણાં,
જે પેખિરે મોહિયું મુજ મન્ન કે. ભે૦ ૧૧૭
ધનધન તે જગે જીવડા, જે રહે શેત્રુંજા પાસ હરનીસી
ઋષભ સેવા કરે, વળી પુજેરે પ્રભુ મતિ ઉલ્લાસ કે ભે૦ ૧૧૮
આજ સખી મુજ આંગણે, સુરતરૂ ફળીયો સાર.
ઋષભ જિણેસર વંદિયા,
હવે તરિઓરે ભલજલધિ પાર કે. ભે૦ ૧૧૯
સોળ અડવીસે આસો માસમાં, શુદિ તેરશ કુજવાર,
અહમદાવાદ નયરમાં મેં ગાયો રે શેત્રુંજા ઉદ્ધાર કે. ભે૦ ૧૨૦
વડપગચ્છ ગુરૂ ગચ્છપતી; શ્રી ધન રત્ન સુરિંદ.
તસુ શીષ્ય તસુ પાટે જયકરૂ,
ગુરૂગચ્છપતીરે અમરરત્ન સુરિંદ કે. ભે૦ ૧૨૧
વિજયમાન તસ પટધરૂ, શ્રી દેવરત્ન સુરીશ
શ્રીધન રત્ન સુરીશના, શિષ્ય પંડિતરે ભાનુ મેરૂ ગણેશ કે. ભે૦ ૧૨૨
તસ પદ કમળ ભ્રમરતણે, નયસુંદર દે આશીશ ત્રિભુવન નાયક
સેવતાં, પુગીરે શ્રી સંઘ જગીશ કે. ભે૦ ૧૨૩

## કળશ

ઈમ ત્રિજગનાયક મુગતિદાયક વિમળગિરિ મંડણ ઘણી;
શત્રુંજય સાર ગાયો, સ્તવ્યો જિન ભગતિ ઘણી;
ભાનુ મેરૂ પંડિત શિષ્ય દોએ, કરજોડી કહે નર સુંદરો
પ્રભુ પાય સેવા, નિત્ય કરેવા, દેઈ દરશન જય કરો. ૧૨૪

લોભના વશથી રાખીના ભવની બીક જો ....(૯)
રાંડ્યા પછી તો ડહાપણ આવે લોકમાં
એ કહેવત મને લાગુ પડતી થાય જો
પશ્ચાતાપનો પાર નથી હવે ઉરમાં
મુજ અંતરમાં સળગી ઉઠે છે લાય જો ....(૧૦)
મોહને ખેદના ભરતના વાક્ય સાંભળી,
બોલે બાહુબલી સાંભળ ચક્રી નરેશ જો,
રાજ્ય રમા ને રાગ નિરાગ ક્ષણિકતા
લીધો છે મેં સાચો સાધુ વેશ જો ....(૧૧)
ખેદ તજી ને રાજ્ય ભરતજી ભોગવો
મારું વ્રત છે હસ્તની રેખા સમાન જો
લખ્યું હતું તે આવ્યું અમારા ભાગ્યમાં
સત્ય વસ્તુનુ આજે થયું મુજ ભાન જો ....(૧૨)
ભગિની ભ્રાતા પિતાનાં માર્ગે સહુ ગયા,
ત્યાગ વૈરાગ્યને ધર્મના થઈને જાણજો
તત્ત્વ રમણતા અનુભવ જ્ઞાનની ભૂમિકા
મુનિ મારગ છે અમૂલ્ય ગુણની ખાણ જો ....(૧૩)
મુનિ મક્કમતા જોઈ ભરતજી વંદતા,
સ્તુતિ કરતા વિનિતાપુરીમાં જાય જો
નિર્લેપ રહીને નીતિથી રાજ્યને પાળતા
ઉદય કરવા ગુણીનાં નિત્ય ગુણ ગાય જો ....(૧૪)

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર

પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.



તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.





પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

# શુભેચ્છક



હીરાલાલ મફતલાલ શાહ



કુસુમબેન એચ. શાહ

પુત્રો : અતુલ [redacted] જીજ્ઞેશ

[redacted]

જૈનમ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦